ગાંધીનગર સમાચાર

તા. ૧૯-૫-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### દિલ્હી સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચેનો જંગ

વિધાનસભાની ચૂંટણીઓમાં મોદી મેજિકને હંફાવીને ૭૦ પૈકી ૬૭ બેઠકો પર જીત મેળવનાર આમ આદમી પાર્ટી માટે દિલ્હીના ઉપરાજયપાલ નજીબ જંગ સાથે કામ પાડવાનું વધુ ને વધું કપરું બની રહ્યું છે. નજીક જંગ કોંગ્રેસ શાસન સમયના એક માત્ર નિયુક્ત બંધારણીય સત્તાધારી વડા છે, જેમને ભારતીય જનતા પાર્ટી-એનડીએની કેન્દ્ર સરકારે ખસેડયા નથી. કેજરીવાલનો આક્ષેપ સીધો કેન્દ્ર સરકાર સામે છે. હમણાં ફક્ત દસ દિવસ પૂરતાં સિનિયર સનદી અધિકારી શકુંતલા ગેમલીનને કાર્યકારી મુખ્યસચિવ તરીકે નીમીને ઉપરાજયપાલે દિલ્હીના મુખ્યમંત્રીને વધુ એક વાર છંછેડ્યા છે. પૂર્ણ રાજયનો દરજ્જો ધરાવતાં રાજયોમાં આવા ઉચ્ચપદો પર સનદી અધિકારીઓની નિમણૂક મુખ્યમંત્રીની મરજી અનુસાર રાજયપાલની સહીથી થતી હોય છે. દિલ્હી માત્ર નગરરાજય હોવાથી આવા અધિકારો કેન્દ્ર હસ્તક છે, જેની સલાહ મુજબ ઉપરાજયપાલની સહીથી નિમણૂંકો થતી હોય છે. શકુંતલા ગેમલીનની નિમણૂક ઉપરાજયપાલે મુખ્યમંત્રી કેજરીવાલની ઇચ્છા વિરુદ્ધ કરેલ છે. કેજરીવાલે આ બાબતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી નજીબ જંગ કેન્દ્રના હાથમાં રમી રહ્યાંનો અને કેન્દ્ર સરકાર દિલ્હી સરકારને ફેલ કરવાના નુસખા અજમાવતી હોવાનો આક્ષેપ કરી સિનિયર આઇએએસ લોબી સામે સંઘર્ષમાં ઊતર્યા છે. શકુંતલા ગેમલીનની નિવૃત્તિમાં દસ જ દિવસ ખૂટતાં હોવા છતાં એમને એ સર્વોચ્ચ પ્રશાસકીય પદ પર નીમવા પાછળ ઉદ્યોગગૃહો અને કેન્દ્રની સાંઠગાંઠ હોવાની શંકા વ્યક્ત કરી એમણે બ્યુરોક્રસી અને રાજકારણીઓ બેઉને ઉઘાડા પાડવાની કોશિશ કરી છે. રિલાયંસ વીજ કંપની સાથે શકુંતલા ગેમલીનના મીઠા સંબંધો હોવાનો આક્ષેપ કરી એમણે મધપૂડો છંછેડી દીધો છે. આમ આદમી પાર્ટીના પ્રવક્તાએ અત્યાર સુધી કેન્દ્ર-દિલ્હી સરકાર અને બ્યુરોક્રસીએ સાથે મળીને પ્રજાને ઉદ્યોગપતિઓ મારફ્ત લૂંટાવી હોવાનો આક્ષેપ કર્યો છે, તો બીજી તરફ કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી અને ઉત્તરપૂર્વના ભાજપી નેતા કિરણ રિજીજુએ કેજરીવાલ અરાજકતા ફેલાવતાં હોવાનો અને ઉત્તરપૂર્વના અધિકારીઓ તરફ પૂર્વગ્રહ રાખતા હોવાનો આક્ષેપ મૂક્યો છે. સામસામી આક્ષેપબાજી વચ્ચે દિલ્હી સરકાર પ્રજાનાં કામો કરી શકતી નથી, ચૂંટણી વચનો પાળી શકતી નથી. લોકશાહીની આ બલિહારી છે! નજીબ જંગ કેન્દ્ર સરકારનું મહોરું બની ગાય છે તો સામે કેજરીવાલ પોતાના જૂના સિનિયર સાથીઓની હકાલપટ્ટી કરીને એકચક્રી શાસન તરીકે બંધારણને પણ અતિક્રમીને અર્ધરાજયના મુખ્યમંત્રી તરીકે સુપરસ્ટાર બનવાના પ્રયાસો કરી રહ્યા છે. પ્રજા વગર વાંકે પિસાઇ રહી છે.

# કલાની તાલીમથી બાળકોની આંતરિક શક્તિઓ ખીલે છે

## જી ઈ ક્લબ અને પ્રેરણા વિદ્યાલય સંચાલિત કલા તાલીમ શિબિરના સમાપન સમારોહમાં ડેપ્યુટી મેયર કાર્તિક પટેલનું તાલીમાર્થીઓ અને વાલીઓ સમક્ષ પ્રેરક ઉદ્‌બોધન





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૮

'કલાની તાલીમથી બાળકોની આંતરિક શક્તિઓ ખીલે છે અને તેમનું અસલ વ્યક્તિત્વ બહાર આવે છે.' ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર અને લોકપ્રિય શિક્ષક કાર્તિક પટેલ દ્વારા આ શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું.

જી ઈ ક્લબ અને પ્રેરણા વિદ્યાલય દ્વારા આયોજિત કલા તાલીમ શિબિરના સમાપન સમારોહમાં તેમણે આ શબ્દો ઉચ્ચાર્યા હતા. તેમણે પોતાના અનોખા અંદાજમાં શિબિરાર્થી બાળકોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે 'કલાગુરુઓમાં એ હૂનર હોય છે કે તેઓ તાલીમાર્થીઓની અંદર પડેલી આંતરિક શક્તિઓને પારખી લે છે અને તેમને બહાર લાવીને ખીલવી શકે છે. આ માટે કલા તાલીમ શિબિર એ અત્યંત મહત્ત્વપૂર્ણ માધ્યમ છે' એમ જણાવી તેમણે વધુમાં વધુ બાળકોને આવી તાલીમ શિબિરોમાં ભાગ લેવા તથા અભ્યાસ ઉપરાંત પોતાને ગમતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટેની શીખ આપી હતી.

આ સમારોહમાં ઉપસ્થિત આવકાર એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે 'માત્ર શિક્ષણ એ અમારું ધ્યેય નથી; અમે માનીએ છીએ કે ૭૦ ટકા શિક્ષણ, ૧૫ ટકા સ્પોર્ટ્સ અને ૧૫ ટકા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. પ્રેરણા વિદ્યાલયના માધ્યમથી અમે આ ધ્યેયને વર્યા છીએ અને એનાં અમને ધાર્યા પરિણામો મળ્યાં છે.' જ્યારે નગરનાં અન્ય બાળકો વૅકેશનના નામે ટેલીવિઝન અને વિડીયોગેમ જેવી નિષ્ક્રિય પ્રવૃત્તિઓમાં રત છે ત્યારે કલાની વ્યવસ્થિત તાલીમ માટે બાળકોને શિબિરમાં મોકલવાની સક્રિયતા દાખવવા બદલ તેમણે વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા અને શિબિરાર્થી બાળકોએ પ્રસ્તુત કરેલા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

સમાપન સમારોહ ટાણે શિબિરાર્થીઓ દ્વારા એક સુંદર સ્ટેજ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેને વાલીઓ અને ઉપસ્થિત અતિથિઓનો ભરપૂર પ્રતિસાદ સાંપડ્યો હતો. શિબિરમાં તજ્‌જ્ઞો તરીકે પ્રતિક્ષા નિમાવત (કથ્થક), અરવિંદસિંહ (તબલાં વાદન), રોનક કંસારા (કરાટે), કશ્યપ નિમાવત (ચિત્ર કલા), ફરઝાના શેખ (મહેંદી), અભિરાજસિંહ ઝાલા (વેસ્ટર્ન ડાન્સ) અને કુંતલ નિમાવત (નાટક) દ્વારા પોતાની અમોલી સેવાઓ આપવામાં આવી હતી. સમારોહના અંત ભાગમાં તજ્‌જ્ઞો તથા તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન પ્રેરણા વિદ્યાલયના પ્રિન્સીપાલ મનિષ ખત્રી દ્વારા, આભાર દર્શન જી ઈ ક્લબના પ્રમુખ કુંતલ નિમાવત દ્વારા તથા સમગ્ર કાર્યક્રમનું ભાવવાહી સંચાલન બે શિબિરાર્થી - રિયા નિમાવત અને તથાગત ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## આજથી આર્ટ ઓફ લીવીંગનો હેપ્પીનેસ પ્રોગ્રામ

ગાંધીનગર, તા. ૧૮

આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર ચેપ્ટર દ્વારા ૧૮ વર્ષથી ઉપરની આયુ ધરાવતા યુવાનો માટે તા. ૧૯મી મે થી હેપ્પીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સવારે ૬ થી ૯ વાગ્યા દરમિયાન સે. ૧૧માં મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે યોજાશે. આ કાર્યક્રમમાં જોડાવા માંગતા યુવાનોએ ઉપરોક્ત સમયે સ્થળ પર હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## બ્રહ્મસમાજનો છઠ્ઠો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરનો છઠ્ઠો જીવનસાથી પસંદગી મેળો આગામી ૨૪ મે ના રોજ બપોરે ૨.૦૦ વાગે સેક્ટર-૨૩ નાથીબા કોલેજ સ્થિત ખિમજી વિસરામ હોલ ખાતે યોજવામાં આવશે. પસંદગી સંમેલનમાં દરેક ઉમેદવારે પોતાના માતા-પિતા સાથે સમયસર ઉપસ્થિત રહેવા જણાવ્યુ છે.

## હરિની દૃષ્ટિ...




## ગાંધીનગરના આઠ વિદ્યાર્થી યુપીએસસીની અંતિમ પરીક્ષા આપશે

ગાંધીનગર, તા.૧૮

સનદી અધિકારી બનવા માટે યુવાનો તનતોડ મહેનત કરી રહ્યા છે. સાથે સાથે યુપીએસસી, જીપીએસસીની તાલીમ આપતી સંસ્થાઓ પણ યુવાનોને પુષ્કળ પ્રમાણમાં તાલીમ આપી રહી છે. પાટનગરની મમતા આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટરના ૮ વિદ્યાર્થીઓ યુપીએસસીની અંતિમ પરીક્ષા આપશે. જે ગાંધીનગર શહેર માટે ગૌરવની વાત છે.

ગાંધીનગર શહેરમાં મમતા આઈએએસ ટ્રેનીંગ સેન્ટર દ્વારા યુપીએસસી અને જીપીએસસી પરીક્ષાની તાલીમ આપવામાં આવે છે. તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણનું ભાથું બંધાવવામાં આવે છે. ગત ૧૪-૨૦ ડિસેમ્બર-૧૪ દરમિયાન સનદી સેવાઓ માટે મુખ્ય પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં મમતા આઈએએસ સેન્ટરના ૧૭ વિદ્યાર્થીઓ સનદી અધિકારી બનવા માટે પરીક્ષા આપવા બેઠા હતા.



જેમાં મમતા સેન્ટરના આઠ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. ડૉ. કૃણાલ રાઠોડ, આરોહી પટેલ, ડૉ. રવિન્દ્ર પટેલ, અનિલ ધામેલિયા, હિતેશ થકવાણી, શ્રેયસ પટેલ, રાજતનિલ સોલંકી અને રાય થેસિઆ મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. અને અંતિમ મૌખિક પરીક્ષા આપશે. રાજયના અંદાજીત ૫૦ વિદ્યાથીઓમાંથી પસંદગી કરવામાં આવી હતી. જેમાંથી મમતા સેન્ટરના ૧૭ વિદ્યાર્થીઓમાંથી આઠ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા શહેર અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

વર્ષ ૨૦૧૩-૧૪માં મમતા સેન્ટરમાંથી પાંચમાંથી ત્રણ વિદ્યાર્થીઓ મૌખિક પરીક્ષામાં પસંદગી પામ્યા હતા જેમાં અનિલ રામાવસિયાએ અખિલ ભારતીય સ્તરે ૪૩૪મો રેન્ક મેળવી ગુજરાત કેડરમાં સ્થાન મેળવ્યું છે.

યુપીએસસી પરીક્ષામાં દેશભરમાંથી સાત લાખ જેટલા વિદ્યાર્થીઓએ સનદી અધિકારી બનવા માટે મુખ્ય પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૬૯૩૩ જેટલા વિદ્યાર્થીઓ પ્રથમ પરીક્ષામાં સફળ થયા હતા. સર્વ વિદ્યાલય કેલવણી મંડળ ગાંધીનગરના ચેરમેન વલ્લભભાઈ પટેલે મમતા સેન્ટરના તજજ્ઞો અને વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે. આઠ વિદ્યાર્થીઓ સનદી અધકારી બની સરકારમાં સેવા બજાવે તેવી અંતરની અભિલાષા વ્યકત કરી છે.

# દરેક સંબંધની એક આગવી ગરિમા અને પોતીકી લાગણી હોય છે! સભાનતાપૂર્વક આપણે માત્ર સંબંધના મૂલ્યો અને હેતુમાં શુદ્ધતા રાખવી રહી!




- નેહલ જયદીપ ગઢવી

ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં કુટુંબવ્યવસ્થાનું એક આગવું સ્થાન રહ્યું છે. સંયુક્ત કુટુંબમાં રહેવું, સંપીને હળી-મળીને એકબીજા સાથે સુમેળભર્યા સંબંધો જાળવીને હેતપૂર્વક રહેવું એ બાબત જો કે હવે થોડી આઉટડેટેડ લાગે ! પરંતુ, ભૂતકાળમાં આ પ્રકારની પરંપરાને કારણે લોકોમાં સહનશક્તિ,સહિષ્ણુતા અને બંધુત્વની ભાવના સહજપણે અનુભવાતી ! આજના આ યુગમાં સંબંધો ફેસબુક પર 'ફેક બુક' જેવા અને વોટ્સઅપ પર 'મોર્ડન પંચાતના ઓટલા' જેવા બન્યા છે. જો કે, આ બાબત સંપૂર્ણપણે અયોગ્ય જ છે એમ ન કહી શકાય પરંતુ, હા વિવેકભાન જાળવીને એના પર થોડું ચિંતન અને મનન કરવું ચોક્કસ આવશ્યક છે. સંબંધોરુપી કુમળા છોડને જતનપૂર્વક ઉછેરવા પડે છે. તેમાં લાગણી, પ્રેમ અને હૂંફનું સિંચન કરી તેની યથાયોગ્ય માવજત પણ કરવી પડે! સમયના અભાવે તે કરમાઇ ન જાય તેનું પણ ધ્યાન રાખવું અતિ-આવશ્યક હોય છે. આમ જોવા જઇએ તો આપણે જીવનમાં કેટલા બધાં સંબંધોનાં તાંતણે ગૂંથાયેલા છીએ ! ભાઇ-બહેન, પતિ-પત્ની, સાસુ-વહુ, મા-દીકરી, પિતા-પુત્ર, મિત્રવર્તુળ એવા કેટલાંય સંબંધોનો આપણે માળો ગુંથ્યો હોય છે. આજના યુગમાં પતિ-પત્ની બંને નોકરી કરતા હોવાથી હવે સહકર્મચારીઓ એટલે કે કલીગનું પણ સર્કલ હોય છે અને મોટાભાગનો સમય સાથે રહેવાને કારણે એ સંબંધ પણ ઘણો સુંદર અને પ્રેમાળ રીતે રચાયો હોય છે. ફેસબુક અને વોટ્સઅપ ગ્રુપના મિત્રોનો સમૂહ એ પણ એક મોર્ડન રિલેશનશીપ તરીકે અત્યારે ઉપસી આવ્યો છે ! દરેક સંબંધની એક આગવી ગરિમા અને પોતીકી લાગણી હોય છે! સભાનતાપૂર્વક આપણે માત્ર સંબંધના મૂલ્યો અને હેતુમાં શુદ્ધતા રાખવી રહી!

વિભક્ત કુટુંબપ્રથાના જન્મ સાથે જ હવે લોકોમાં બીજાની વાત સાંભળવાની કે સમજવાની શક્તિ સાવ જ નહિવત્ બની છે. 'ફ્રીડમ' અને 'સ્પેસ' ના નામે ગમે તેટલું તોછડાઇભર્યું વર્તન પણ આપણે સહજપણે સ્વીકારતા થઇ ગયા છીએ. દરેક વ્યક્તિને પોતાની વાત અન્ય સાંભળે એવી ઇચ્છા હોય છે પરંતુ, કોઇની પાસે બીજાની વાત સાંભળવાનો સમય નથી. આ ખરેખર અત્યંત કરુણાજનક અને નિરાશાજનક બાબત ગણાય ! બધા જો બોલે અને પોતાનો જ કક્કો ખરો માનવા લાગે તો એક આખેઆખો સાંભળનારો વર્ગ ધીરે ધીરે સાવ લુપ્ત બની જાય અને અંતે દરેક વ્યક્તિનું પોતાનું એક આગવું વિશ્વ ઊભું થાય, તે એમાં જ રચ્યોપચ્યો રહે અને તેને અન્યની પરવા કે લાગણી રહે જ નહિ ! તે પોતાના વિચારો કોઇ સાવ અજાણી વ્યક્તિ સમક્ષ, ફેસબુક, ટ્વિટર કે વોટ્સઅપ પર શેર કરતો થઇ જાય. અંગત સમક્ષ હૈયુ ખોલવાનું ચલણ સાવ બંધ થઇ જશે અને પરિણામે, કુટુંબપ્રથા જેવું કંઇ રહેશે જ નહિ ! નાનપણથી જ બાળકોને જિદ્દી, પોતાનું ધાર્યું કરનારા અને ઇલેકટ્રોનિક્સ ગેમ્સમાં વ્યસ્ત રહેનારા બનાવી દેવામાં આવે તો શેરીમાં રમતા બાળકો સાથેની રમત, વાદ-વિવાદ, તેમની સાથેનો સંવાદ એ તમામ બાબતોથી આપણી યુવાપેઢી સાવ વંચિત થઇ જશે. તેની પ્રતિભાશક્તિ કુંઠિત બની જશે અને તે વધુ ને વધુ અંતર્મુખી બનતો જશે. લોકો સાથે વાત કરવાની અને સમાજમાં યોગ્ય રીતે વર્તવાની તેની ક્ષમતા સાવ કુંઠિત બની જશે ! તે લોકોથી દૂર ભાગવા લાગશે અને પોતાના સુખદુઃખ પોતે એકલો જ અનુભવ્યા કરશે ! પરિણામે, જ્યારે જીવનમાં બધું બરાબર અને તેની ઇચ્છા અનુસાર થાય ત્યારે કદાચ તેને કોઇની હૂંફની જરૂરીયાત ન પણ અનુભવાય પરંતુ, ખરેખર તેના જીવનમાં કોઇ અણધારી તકલીફ આવી પડે ત્યારે તે આ પરિસ્થિતિનો સામનો કરવાને બદલે પલાયનવૃત્તિ કેળવે છે, પોતાની જાતને અસલામત અનુભવે છે. આ કારણોસર જ આજના યુગમાં ડિપ્રેશન, સ્ટ્રેસ અને સ્યુસાઇડ જેવી ગંભીર તકલીફો મોટા પ્રમાણમાં વધી રહી હોવાનું જણાય છે !



કોઇ પણ સંબંધોને સુદૃઢ બનાવવા માટે સંવાદ તેમજ મેલ-મિલાપ એ અતિઆવશ્યક બાબતો છે. ઘરમાં રહેતી તમામ વ્યક્તિઓ એકબીજા સાથે વધુમાં વધુ સંવાદ કેળવે, વાતો કરે, એકબીજાને સમય આપે તે એક અતિઆવશ્યક બાબત છે. ટીવી, મોબાઇલ અને ઇન્ટરનેટના ભયંકર આક્રમણ સામે આપણે આપણી આંખોથી અન્યના મનને સમજી શકીએ તેમજ કહ્યા વિના જ અંતરની ઊંડી લાગણીઓને પામી શકીએ તેવી ક્ષમતા કેળવવાની જરૂરિયાત કુટુંબવ્યવસ્થાને તંદુરસ્ત અને પરિપૂર્ણ બનાવવા માટે અનિવાર્ય છે. નવા સંબંધો કેળવીએ કે વિકસાવીએ તેમાં કોઇ બાધ નથી પંરતુ, મૂળભૂત અને પાયાના સંબંધોને સાચવીને રાખ્યા બાદ તેમજ તેમનું યોગ્ય જતન કર્યા બાદ જ આ નવા સંબંધોને ન્યાય આપીએ! આપણી શ્રવણશક્તિ વિકસાવીએ અને અન્યની વાત, અન્યના દૃષ્ટિકોણને સાંભળતા તેમજ સમજતા જઇએ! આપણી સંવેદનશીલતાને આપણી નબળાઇ નહિ પરંતુ, વ્યક્તિત્વની ઉજળી બાજુ ગણીએ! અન્યના દુઃખમાં પ્રેક્ષક બની તેની હાંસી ઉડાવવાને કોઇ બહાદુરી નહિ પરંતુ, માનસિક વિકૃતિ ગણવી પડે. આજે કોઇ વ્યક્તિનો સમય તેના પક્ષમાં ન હોય કે તેની પરિસ્થિતિ યોગ્ય ન હોય તો તેને મદદ ન કરીએ તો કાંઇ નહિ પરંતુ, તેની હાંસી તો ન જ ઉડાવીએ કારણ કે, સમય દરેકનો બદલાશે ! જે બાબતનો આપણે વિરોધ કરવા ઇચ્છતા હોઇએ તેને વ્યક્ત કરવાની હિંમત કેળવીએ ! પીઠ પાછળ કે ખાનગીમાં નિંદા-કૂથલી કરવાને બદલે પોતાની વાતને વ્યક્ત કરવાની રીત કેળવીએ! અન્યના દુઃખ કે તકલીફને હાંસી ન ઉડાવીએ તેમજ કોઇના સુખની ઇર્ષ્યા પણ ન જ કરીએ. વાણી સ્વાતંત્ર્ય અને વ્યક્તિસ્વાતંત્ર્યના આ વિશાળ મનોવૃત્તિ ધરાવનારા દેશમાં દરેકની વાતનું સન્માન જાળવીએ અને દરેકને પોતાની વાત કહેવાની, તેની અભિવ્યક્તિની છૂટ આપીએ. આપણા દૃષ્ટિકોણને ઉદાર તેમજ વિશાળ બનાવીએ. ફેસબુક અને વોટ્સઅપ તેમજ કલીગ્સ સાથેના સંબંધોની સાથોસાથ ઘર-પરિવારના સંબંધોને પણ એટલી જ અગ્રીમતા આપીએ. જે રીતે ફેસબુક પર મુકાયેલા ફોટોગ્રાફ્સને ઝડપથી એક ક્લિક કરીને લાઇક કરી દઇએ છી તે જ રીતે આપણા ઘરે માળીકામ કરવા આવનાર 'માળી કાકા'ને પણ કયારેક એક લાઇક આપીએ અને કહીએ કે તમે બગીચાને સુંદર સજાવ્યો છે કે આપણા ઘરે દૂધ આપવા નિયમિતપણે આવનાર યુવાનને કહીએ કે 'દોસ્ત, તું સવાર-સવારમાં આ એક કોથળી દૂધ આપીને દિવસની ઉજળી શરુઆત કરે છે!' આપણી આજુબાજુ રહેતા નાના-મોટા બાળકો રમતા હોય ત્યારે એમની વચ્ચે જઇને જેટલી સરળતાથી એ લોકો એકબીજાને માફ કરી દઇને રમવા લાગે છે તેને સમજીએ, જાણીએ અને માણીએ અને આપણે પણ નાની-નાની બાબતોને મનમાં ભરીને સંબંધોને શા માટે કચડી રહ્યા છીએ તે પ્રશ્ન આપણા અંતરમનને પૂછીએ! માનવ-માનવ વચ્ચેના સુમેળભર્યા સંબંધથી જ આ વિશાળ દુનિયાના લોકો એકબીજા સાથે પ્રેમના અને લાગણીના તાંતણે બંધાયા છે. આપણી સંવેદનાને જાગૃત કરીએ અને તેની સુવાસ ચારેબાજુ પ્રસરાવીએ! આપણે ભાવનાઓથી ભરપૂર અને લાગણીઓથી તરબતર એવા એક સુંદર સમાજની રચના કરીએ, આ માટે ઇશ્વરનો



આભાર માનીએ અને વિનંતી કરીએ કે :

"મને પ્રેમની એવી શક્તિ આપ, પ્રભુ !
કે એક એવા ઘરનું હું સર્જન કરું -
જયાં કોઇને કોઇનો બોજ કે દબાણ ન હોય
જયાં ફૂલની જેમ સૌ ખીલે અને સંગીતની જેમ સંવાદી રહે
જયાં સહુને મુક્ત અભિવ્યક્તિનો અવકાશ હોય
જયાં સ્વતંત્રતા અને જવાબદારી વચ્ચેની સમતુલા જળવાતી હોય
જયાં સહુને એકબીજાનો આધાર અને હૂંફ હોય
જયાં નાના બાળકોથી માંડી પરિચારકો સુધી,
સહુના વ્યક્તિત્વનું સન્માન થતું હોય
જયાં શ્રીમંતમાં શ્રીમંત અને અકિંચનમાં અકિંચન મહેમાનનો
સમાનભાવે સત્કાર કરાતો હોય
મેં કેટલું ભવ્ય ને આલીશાન કે કલાત્મક ઘર બાંધ્યું
અને કેટલી મિલકત એકઠી કરી - તે નહિ.
પણ આ ઘર કેટલાને વિસામારુપ બન્યું,
કેટલાને એની હવામાં આશ્વાસન, ટાઢક, આત્મીયતાની હૂંફ મળ્યા -
તે મારી સાર્થકતા હોય!"